મોડાસામાં ૩૩ વર્ષ પહેલા શરૂ થયેલી ભુગર્ભ ગટર યોજના અધુરી

મોડાસા, તા. ૨

મોડાસામાં આજથી ૩૩ વર્ષ પહેલા રૂ. ૨ કરોડના ખર્ચે ભુગર્ભ ગટર યોજના મંજુર થઈ હતી. પરંતુ સત્તાધિશોની ઉદાસીનતાના કારણે યોજનાનું બાળમરણ થયું હતું. ત્યાર બાદ ૨૦૦૮ના સર્વે આધારે તૈયાર કરાયેલી રૂ. ૩૦ કરોડની યોજનાનું એક વર્ષ અગાઉ કામ શરૂ કરાયું હતું પરંતુ કેટલાક ટેકનિકલ કારણો ઉભા થતાં કામ ફરી એકવાર ખોરંભે પડ્યું છે.

આધારભુત સુત્રોના જણાવ્યા અનુસાર ૨૦૦૮ પછી વધેલા વિસ્તારને આવરી લઈ તેમજ ટેકનિકલ કારણો દૂર કરી નવી યોજના તૈયાર કરવામાં આવનાર છે. જેનો ખર્ચ રૂ. ૪૫ કરોડને આપી જવાની ગણતરી છે. આમ છેલ્લા ૩૩ વર્ષથી હાથ ધરાયેલી ભુગર્ભ ગટર યોજના આજે પણ અધુરી રહેતા નગરજનોની સમસ્યા યથાવત જોવા મળી રહી છે. સ્વચ્છતા માટે જરૂરી ગટર યોજના મોડાસાને જાણે કે અનુરૂપ જ આવતી જ ના હોય એમ વર્ષ ૧૯૮૧-૮૨માં રૂ. બે કરોડના ખર્ચે ગટર યોજના શરૂ કરાઈ હતી. પમ્પીંગ સ્ટેશન અને સુએજ ફાર્મ પણ તૈયાર કરાયા હતા. પરંતુ પાણી પુરવઠા વિભાગ દ્વારા તૈયાર કરાયેલી આ યોજના અગમ્ય કારણોસર નગરપાલિકાએ નહિ સંભાળતા યોજના મૃતપાય બની હતી.

ત્યાર બાદ ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન અર્બન સેલ દ્વારા જાપાન ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ઓર્ગેનાઈઝેશન (મયકા)ના સહયોગથી નવીન ગટર યોજના માટે વર્ષ ૨૦૦૮માં સર્વેહાથ ધરાયા બાદ અંદાજે રૂ. ૩૩ કરોડની યોજના તૈયાર કરી વર્ષ ૨૦૧૪માં ટેન્ડરીંગ કરાયું અને સૌથી નિચા ભાવે રૂ. ૨૯ કરોડના ખર્ચે યોજના તૈયાર કરવા જીયુડીસીએ જય તારૂડી કંપનીને વર્ષ ૨૦૧૪માં વર્ક ઓરડર અપાયો હતો. પરંતુ જમીનમાં ખુબ નીચે આવતા લેવલ, સ્નેનવેર પાઈપો સહિતના ટેકનિકલ કારણોસર ફરીથી ખોરંભે પડી છે.

પ્રાંતિજમાં પાંચ દિવસથી વકરતો રોગચાળો

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તથા તાલુકામાં જાણે કોઈ બુરી છાયા મંડરાતી હોય તેમ પાણીજન્ય રોગોમાં દિવસે ને દિવસે વધારો થતો જાય છે અને આરોગ્ય વિભાગની ટીમ ખડે પગે સેવાઓ આપવા છતાં પ્રાંતિજ તથા તાલુકાના અન્ય ત્રણ ગામોમાં પણ ઝાડા ઉલટીના કેસો મળી આવતાં પ્રાંતિજ આરોગ્ય તંત્ર સહિત જિલ્લા આરોગ્ય વિભાગની નિંદ્રા હરામ થઈ ગઈ છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજમાં છેલ્લા પાંચ એક દિવસથી નગરપાલિકા વિસ્તારમાં આવેલ ઈન્દીરાનગર વિસ્તારમાં પાણી જન્ય રોગો ઝાડા ઉલટી ઉબકા તેમજ પેટમાં દુખાવો પેટ ભારે થવું કેસો ઘટવાને બદલે નવા કેસો પ્રાંતિજના અલગ અલગ વિસ્તારમાંથી મળી આવે છે. જયારે પ્રાંતિજ ના અન્ય વિસ્તારોમાં પણ આજ સંપનું પાણી જતું હોવાથી ધીમે ધીમે અન્ય વિસ્તારોમાં પણ પાણી પીવાથી રોગમાં વધારો થયો છે. જેમાં સુમરવાસ-૩, દેસાઈની પોળ-૧, કુંભારવાસ-૧, ભોઈવાસ-૨, પઠાણ વાસ-૨, નાની ભાગોળ-૧, પાડાપોળ-૧, વાગડીવાસ-૨, પંડયા વાસ-૧, તપોધન-૧ આમ અંદાજીત કુલ ૧૫૭ કેસોનો કુલ આંકડો થયો છે. બીજી બાજુ પ્રાંતિજ તાલુકાના મોયર, વાધપુર, પીલુંદ્રા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઝાડા ઉલટીના કેસો જોવા મળ્યા હોવાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે જયારે તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયકે પરિસ્થિતિને પારખી જઈ આરોગ્ય તંત્રને એલર્ટ કરી દીધું છે.

(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ શહેરમાં અન્ય વિસ્તારોમાં પણ રૂબરૂ મુલાકાત લઈ સલાહ સૂચનો તથા કલોરીન યુકત પાણી, સ્વચ્છતા રાખવી અને દવા પાવડરનું વિતરણ કરવામાં આવેલ છે. આજ રોજ પ્રાંતિજ ખાતે યોજાયેલ એક મિટીંગમાં પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારી સહિત નગરપાલિકા સીઓ વગેરે એ મીટીંગમાં હાજર રહી વકરતા જતા રોગને કાબુમાં લેવા સ્વચ્છતા સહીતના યોગ્ય નિર્ણયો પણ લીધા હોવાની સંભાવના છે.

મોડાસામાં ૪ જનસેવા કેન્દ્રો યોગ્ય મુહૂર્તના અભાવે બંધ હાલતમાં

મોડાસા, તા. ૨

મોડાસા નગરપાલિકાએ મોડાસા શહેરના પ્રજાજનોને નગરપાલિકાના લગતા કામકાજ અર્થે તેમના જ વિસ્તારમાં નગરપાલિકાની સેવાઓ પર્યાપ્ત બનાવવાના ઉમદા હેતુથી ૨૫ લાખ રૂપિયા જેટલી માતબર રકમ ખર્ચી મોડાસા શહેરના મોડાસા ચાર રસ્તા ટાઉનહોલ નીચે, વાગડ ગોડાઉન, સર્વોદયનગર અને સાંઈબાબા મંદિર નજીક ઓધારી તળાવની બહાર જનસેવા કેન્દ્રના બિલ્ડીંગ તૈયાર કરી દેવામાં આવ્યા છે. મોડાસા શહેરની ૭૦ હજારથી વધુ પ્રજાજનો શહેમાં વસવાટ કરે છે. ત્યારે આ લોકોને નગરપાલિકાને લગતા વિવિધ પ્રશ્નો ઉકેલાય, જન્મ મરણના દાખલા મળી રહે, શહેરીજનોને પડતી મુશ્કેલીઓની ફરિયાદ નોંધી તાત્કાલિક નિવારણ લાવી શકાય તેવા હેતુથી ૪ નગરપાલિકાએ જનસેવા કેન્દ્રો બનાવી દેવાયા છે.

પરંતુ નગરપાલિકા તંત્રને યોગ્ય મુહૂર્ત મળતુ ન હોય તેમ લોકોને સુવિધા આપવા માતબર રકમ ખર્ચ્યા પછી પણ તેનો કોઈ જ ફાયદો થતો નથી. ઓધારી તળાવનું મોડાસા નગરપાલિકાએ કરોડો રૂપિયા ખર્ચી બ્યુટીફીકેશન કરાવ્યું હતું અને માલપુર રોડ પરથી ઓધારી તળાવ જગમગી ઉઠ્યુ હતુ પરંતુ નગરપાલિકાએ ઓધારી તળાવ આગળ જ જનસેવા કેન્દ્રની બિલ્ડીંગ તાણી બાંધતા ઓધારી તળાવ પાછળ કરેલો ખર્ચ બિલ્ડીંગથી ઢંકાઈ જાય છે. આમ આ જગ્યાએ નગરપાલિકાની અણઆવડત આંખે ઉડીને વળગતી હોવાનું ત્યાંના એક રહીશે જણાવ્યું હતું.

(તસવીર : જય અમીન, મોડાસા)

શહેરનો વિસ્તાર વધતાં વેરા ભરવા સહિતની અનેક કામગીરી માટે તાત્કાલિક જનસેવા કેન્દ્રોના દરવાજા ખોલી દફતરી કામકાજ શરૂ કરવામાં આવે તેવી પ્રજાજનોની માંગ ઉઠી છે. નહિ તો આ જનસેવા કેન્દ્રો શોભાના ગાંઠીયા સમાન બની રહેશે.

તલોદમાં ચોર, લુંટારૂ ટોળકીનો ભય : પ્રજાજનો હેરાન-પરેશાન

તલોદ, તા. ૨

ચોર, લુટારૂ ટોળકીનો વોટ્સઅપ અને સોશ્યલ મિડિયામાં ભારે અફવા ફેલાતા તલોદના નાગરિકોમાં ભયનો માહોલ પેદા થવા પામ્યો છે.

તલોદ સહિત અન્ય ગ્રામ્ય વિસ્તારમાં છેલ્લા પાંચ દિવસથી ચોર લુટારૂ ટોળકીની અફવાઓ ભારે જોર પકડ્યુ છે. આથી તલોદમાં આવેલી શિક્ષણ સંસ્થાઓમાં પોતાના બાળકોને ભણવા જતા પણ વાલીઓ રોકે છે. પરિણામે શાળા-કોલેજ પણ વિદ્યાર્થીઓના અભાવે ખાલીખમ ભાસી રહી છે. બીજી બાજુ અફવાએ જોર પકડતા લોકો ચોર ટોળકીને શોધવા હથીયારો સાથે આખી રાત ઉજાગરા કરી રહ્યા છે.

પાલનપુરમાં બુટલેગરના ત્રાસથી રહીશોએ કલેક્ટરને આવેદનપત્ર આપ્યું

પાલનપુર, તા. ૩

પાલનપુર શહેરના ગુરૂનાનક ચોક, સિન્ધી કોલેની ખાતે દારૂનો અડ્ડો ચલાવતા બુટલેગરનો ત્રાસ વધી જતા સ્થાનિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. જેને લઈ સ્થાનિકોએ આજે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી આ વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત મુકવા માંગ કરી છે. પાલનપુર શહેરમાં ગુરૂનાનક ચોક ખાતે સિન્ધી કોલોની આવેલી છે. જ્યાં હિતેશ છનાજી ઠાકોર નામનો બુટલેગર છેલ્લા ઘણા સમયથી ગેરકાયદેસર રીતે દારૂનો ધંધો કરે છે. આથી આસપાસના રહિશો આ દારૂની બદીથી ભારે ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. સ્થાનિકોએ બુટલેગર સામે બાયો ચઢાવતા બુટલેગર પણ બેફામ બની ગયો હતો અને સ્થાનિકોને બિભત્સ ગાળો આપી તેમના બાળકોને મારી નાખવાની ધમકીઓ આપતો હતો. પરિણામે ભયભીત બનેલા સિન્ધી કોલોનીના રહિશોએ બુટલેગર સામે કાર્યવાહી કરવા જિલ્લા કલેક્ચરને આવેદનપત્ર આપી તુરંજ પોલીસ બંદોબસ્તની માંગ કરી છે અને જો કાર્યવાહી તુરંત નહી થાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન કરવા રહિશોએ ચિમકી ઉચ્ચારી છે.

મોડાસા પીપલ્સ મંડળીના થાપણદારોએ કલેકટરને આવેદનપત્ર આપ્યુ

મંડળીના કૌભાંડમાં થાપણદારોના નાણા પરત આપવા માંગ

અરવલ્લી જિલ્લના મોડાસા શહેરમાં લઘુમતી સમાજની પીપલ્સ મંડળીમાં બે વર્ષ અગાઉ મંડળીમાં બચત રૂપે મુકેલા ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોની થાપણ મંડળીના હોદ્દેદારો અને કર્મચારીઓએ સાંઠગાંઠ રચી મીલી ભગતથી ૧૩ કરોડથી વધુ રૂપિયા ચાઉ કરી દઈ પીપલ્સ મંડળીનું કૌભાંડ કર્યું હતું. જેમાં મોડાસા અને આજુબાજુના કેટલાય પરિવારો અને કુટુંબો નિરાધાર બન્યા હતા. બે વર્ષ સુધી કોઈ નકકર કાર્યવાહી ન થતાં થાપણદારોએ જિલ્લા કલેકટર એસ. છાકછુઆકને આવેદનપત્ર આપી નાણાં પરત અપાવવા માંગ કરી હતી.

મોડાસા પીપલ્સ મંડળી કૌભાંડમાં થાપણદારએ પોતાની મહામૂલી બચતના રૂપિયા છાઉ થઈ ગયા હતા. મોડાસા ખાતે આવેલી પીપલ્સ મંડળીમાં બે વર્ષ અગાઉ હોદ્દેદારો અને કર્મચારીઓએ મળી ૧૩ કરોડથી વધુનું કૌભાંડ આચર્યું હતું. જે અંતર્ગત ૧૩ વ્યકતિઓ સામે પોલિસ ફરિયાદ થઈ હતી. દરમિયાન કૌભાંડ આચરનારાઓની જવાબદારી નક્કી કરવા માટે સતત થાપણદારોની માંગ ઉઠી હતી. જેમાં કલમ ૯૩ હેઠળ આરોપીઓની ૧૩ કરોડના કૌભાંડમાં જવાબદારી નક્કી કરવામાં આવી હતી. કેટલાક આરોપીઓ કલમ ૯૩ની જવાબદારીઓ સામે અપીલમાં ગયા છે ત્યારે થાપણદારો અને હાલ મંડળીમાં નિમાયેલા હોદ્દેદારોએ અરવલ્લી જિલ્લા કલેકટરને એક આવેદનપત્ર પાઠવી ડુબેલા નાણા પરત આપવાની કાર્યવાહી કરવા માંગ ઉઠી હતી. આવેદનપત્રમાં જણાવ્યું છે કે જે માજી ડિરેકટરો કલમ ૯૩ હેઠળ જવાબદાર થયેલ છે તેઓની મિલકતો હરાજી કરી નાણાં વસુલ કરવાની કાર્યવાહી કરાય જે આરોપીઓ અપીલમાં ગયા છે તે તમામ આરોપીઓની મિલકતોનો બોજો પાડી આપવા નિર્દેશ કરવામાં આવે.

(તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

ગોરવાડા પ્રાથમિક શાળા નં. ૧માં નોટબુક વિતરણ કાર્યક્રમ યોજાયો

ગોરવાડા પ્રાથમિક શાળા નં. ૧ ના વિદ્યાર્થીઓને અમદાવાદના મનિષભાઈ શાહ, રાજુભાઈ પરમાર અને બદાભાઈ મનાતના હસ્તે એસએમસી અધ્યક્ષ દ્વારા શાળામાં અભ્યાસ કરતા બાળકોને અભ્યાસ કીટ આપવામાં આવી હતી. ૧૯૫ બાળકોને અભ્યાસકીટનો લાભ મળ્યો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત ગ્રામજનોએ અને શાળાના આચાર્ય ગેલાવી અરવિંદભાઈ તરારે દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

શબ્દાવલી - ૫૭૭૭

૧	૨		૩	■	૪	૫	
૬		■	૭		■		■
૮		૯		■	૧૦		૧૧
	■	૧૨		૧૩	■	■	
■	૧૪	■	■	૧૫	૧૬	૧૭	■
૧૮				■	૧૯		૨૦
■		■	■	૨૧			
૨૨					■	૨૩	

આડી ચાવી

૧. કળા, કુશળતા (૪)
૪. મદ્યરી (૩)
૬. બીક, ભય (૨)
૭. પ્યાલો, ... રકાબી (૨)
૮. એક નાનકડું ચોપગુ પ્રાણી (૪)
૧૦. વીણેલા હોય તેવા (૩)
૧૨. નડતર, પીડા (૩)
૧૫. રાજપુત, ક્ષત્ર (૩)
૧૮. અંતકડી, એક રમત (૪)
૧૯. કેડ (૩)
૧૯. થનગન ચાલવું તે (૪)
૨૨. પુરુષ વ્યક્તિ, આદમી(૨)

ઊભી ચાવી

૧. નડતર (૪)
૨. વર્ષ, સાલ ૧૨ માસ (૩)
૩. કષ્ટ, મુશ્કેલી (૪)
૫. રીસામણા (૩)
૯. વાયદો, વચન (૨)
૧૧. ટકલો, મુંડન કરાવેલ (૨)
૧૩. બરછટ (૨)
૧૪. 'ગુલતાન' શબ્દ આડોઅવળો (૪)
૧૬. વિષ્ણુ, ત્રિવિક્રમ, જમીન ખોદવાનું સાધન (૩)
૧૭. રટવું તે (૩)
૨૧. પડદો (૨)

શબ્દાવલી ૫૭૭૬ના જવાબ

આડી ચાવી :- (૧) રમતારામ (૪) પાધ (૬) હદ (૭) રહેવર (૮) સકામ (૧૦) ઇજન (૧૩) શિયળ (૧૪) ખરાવાદ (૧૬) યાળ (૧૭) પદ (૧૮) પળ (૧૯) તરબતર (૨૦) વાદવિવાદ (૨૧) બેલી

ઊભી ચાવી :- (૧) રહસ્ય (૨) મદ (૩) મરમ (૪) પાવડો (૫) ઘર (૮) સજળ (૯) કાન (૧૦) ઇયળ (૧૧) કરા (૧૨) વાદળ (૧૩) શિયાળવા (૧૪) ખદબદ (૧૫) વાપરબે (૧૭) પરવા (૧૯) તવિ

જૂથબંધી પરાકાષ્ટાએ ● અનુસંધાન પહેલાનું ચાલુ

જિલ્લા ભાજપનું મિડિયા સેલ તો મૌન પાળી બેઠુ છે. ભાજપના આગેવાનો મિડિયાને વાત કરવા માટે પણ મોં છુપાવતા હોય તેમ ખાનગી બેઠકોમાં વ્યસ્ત રહેતા હોય છે.

ચૂંટાયેલી પાંખ કંઈક વાત કરે તો સંગઠ્ઠન સાવ મૌન યોગમાં હોય... અધિકારીઓ સાથે બેઠકોમાં વ્યસ્ત નેતાગીરીને પ્રજાના પ્રશ્નો સાથે કોઈ જ સંબંધ ન હોય તેવુ ચિત્ર પ્રજામાનસમાં અંકિત થયેલું છે.

ચૂંટાયેલી પાંખના નિર્ણયો પર સંગઠ્ઠન દ્વારા કાર્યક્રમો યોજાયા હોય તેવુ હજુ સુધી ધ્યાને આવ્યુ નથી. જિલ્લામાં જેન્ડર રેસિયા માટે કરાયેલા નિર્ણય પછી સંગઠ્ઠને શું સક્રિયતા બતાવી તે હજુ સુધી ખબર નથી પડી ખેર જવા દો એ વાત પણ તંત્રના નિર્ણયોને વધાવતા અને જનમાનસ સુધી પહોંચાડવાના કરાયેલા પ્રયાસો બાબતે પણ મૌન રહેવાનું સંગઠ્ઠનને હવે ફાવી ગયું છે. પ્રદેશની સૂચનાથી જ સંગઠ્ઠન ચલાવાવનુ બાકી સંગઠ્ઠન દ્વારા લોકોની સમસ્યા સાંભળવાનો કોઈ મંચ ઉભો નથી કરાયો તેનાથી વધુ દુઃખદ શુ હોઈ શકે.

માત્ર ને માત્ર જાહેર કાર્યક્રમો છુટા છવાયા નેતાઓની હાજરી અને તેમાં પણ લોકો સાથે સંમિલિત થઈ તેમના પ્રશ્નોને વાચા આપવાનો પ્રયાસ થયો જ નથી.

જિલ્લામાં પાણીની સમસ્યા ઓવર એકસ્પોલોઈરેશન ઝોનમાં આવતી કેટેગરીમાં હોવાથી રહેવાની પરંતુ કેટલા પ્રશ્નો સંગઠ્ઠને રજુ કર્યા તેની ખબર ગણ્યા ગાંઠ્યા નેતાઓને કદાચ જ હશે. જિલ્લામાં સંગઠ્ઠન દ્વારા લોક જાગૃતિ અભિયાન જેમ કે મતદાર નોંધણી કાર્યક્રમ, આધાર કાર્ડ સહિતના કેટલા કાર્યકરો સંગઠ્ઠન દ્વારા યોજાયા તે પણ કદાચ ગણ્યા ગાંઠ્યા આગેવાનોની ધ્યાનમાં હોય તો નવાઈ ના પામી શકાય.

એ.ટી.વી.ટી.માં થયેલા કામોમાં સંગઠ્ઠનના આગેવાનોએ કેટલા સૂચવ્યા ? પંચાયોતના સ્વભંડોળને વધારવાના પ્રયાસો કે સૂચનો કેટલા થયા તે ખબર નથી. દહેગામ સેવાસદનના પ્રારંભે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે દહેગામ તાલુકાના નબળા સ્વભંડોળની ચિંતા વ્યક્ત કરી હતી તે ઉલ્લેખનીય છે.

મહિલાઓ ઝડપાઈ ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નાંખ્યો હતો. પરંતુ કાંઈ હાથ લાગ્યું ન હતું. જયારે અન્ય વૃધ્ધ મહિલાએ એક મુસાફરના ખિસ્સામાં હાથ નાંખી પોકેટ ચોરવાનો પ્રયાસ કર્યો હતો. આ દરમિયાન મુસાફરો તેમજ જાગૃત નાગરિકોએ તેને ઝડપી લીધી હતી. આ બંન્ને મહિલાઓને ડેપોના કન્ટ્રોલર રૂમમાં લઈ જવામાં આવી હતી. જયારે આ ઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવી હતી. ડેપો સંકુલમાં આ પ્રકારના પીક પોકેટીંગના બનાવો છાશવારે બનતા હોય છે. જેના લીધે મુસાફરોમાં ભયની લાગણી પ્રવર્તી છે. ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાની વાત મામલે છેલ્લા પાંચ વર્ષથી માત્ર વાતો જ છે. પોલીસ ચોકી શરૂ કરવા જગ્યા ન ફળવાતા ડેપો સંકુલમાં પોલીસ પહેરો ગોઠવાનું હજુ ઠેકાણું પડયું નથી. જેના પરિણામે આવા ગઠીયાઓને મોકળુ મેદાન મળ્યું છે. એસ ટી ની ડીવિઝનલ કચેરીએ પણ માત્ર આ મામલે સ્થળ નિરિક્ષણથી વિશેષ કોઈ ગતિવિધિઓ હાથ ધરી નથી. એસ ટી ડેપોને મોડેલ ડેપો બનાવવાની સોહામણી વાતો થાય છે. ત્યારે મુસાફરોની સલામતીના નામે ડેપો સંકુલમાં મીંડુ ચિતરાયેલુ હોવાથી મહિલાઓમાં પણ રોષની લાગણી વ્યાપી છે.

ગ્રામ્યજીવન અસ્ત વ્યસ્ત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગયા હતા...! ત્યાર બાદ અંબોડ ગામના ભયભીત ગ્રામજનોએ પોલીસને કહ્યું કે ત્યાંથી નજીક એક વિરાન જગ્યા છે ત્યાં ચોરો દિવસે સંતાઈ જાય છે અને રાત્રે ગામમાં ઘુસે છે. જેને પગલે પોલીસે એક કલાક સુધીમાં આખો વિસ્તાર ખુંદી નાંખ્યો પરંતુ કોઈ જ ન મળ્યું...! આટ આટલી કસરતો બાદ પણ ગ્રામજનોના મનમાં ઘર કરી ગયેલી અફવાઓ જડમુળામાંથી નીકળતી નથી. જે નીકાળવા ડીજીપીએ પણ પરિપત્ર કરીને ગાંધીનગર, અમદાવાદના ગામોમાં લોકદરબાર કરવા સુચનાઓ આપી છે.

આવેદનપત્ર આપ્યું ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગણી બધી બાબતોમાં સેવાઓ કથળી હોવાનો આક્ષેપ કરાયો છે.

આરોગ્યતંત્રમાં ખાલી પડેલી જગ્યાઓ ત્વરિત ભરવાની માંગ સાથે સેવા સુધારનું તાકીદે અભિયાન હાથ ધરવાની માંગ પણ આવેદન-પત્રમાં કરવામાં આવી છે.

જિલ્લામાં રાઉટ ટુ એજ્યુકેશન એક્ટના અમલીકરણમાં તંત્રની ઉદાસીનતા તેમજ સરકારી શાળાઓનું સંચાલન ખાનગી સંસ્થાઓને સોંપી શિક્ષણનું વેપારીકરણ કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું છે.

જિલ્લાની નગરપાલિકાઓ પેથાપુર, માણસા અને કલોલમાં વિકાસના કામોને નામે ચાલતા ભ્રષ્ટાચારની તપાસ કરાવવા માંગ કરાઈ છે. પેથાપુર નગરપાલિકા વિસ્તારમાં બનાવાયેલ માર્ગની ગુણવત્તા તપાસવાની માંગ પણ કરવામાં આવી છે.

જગ્યા ખાલી ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અભાવ વર્તાય છે.પાટનગર યોજના ભવનની વિવિધ ડિવિઝનલ કચેરીઓમાં નાયબ કાર્યપાલક ઈજનેરોની વય નિવૃતિના દૌર બાદ મોટાભાગની જગ્યાઓ ખાલી પડી છે. મંજુર ૨૧ ના મહેકમ સામે ૮ જગ્યા જ ભરેલી છે. જયારે આગામી ઓગષ્ટ મહિનામાં વધુ જગ્યાઓ ખાલી થશે. આ ઉપરાંત એસ ઓ ની ઘટના લીધે એક જ અધિકારી પાસે બે જગ્યાના ચાર્જ છે. જયારે જુનિયર કલાર્કની કેડર જ ખતમ થવા તરફ હોવાનું ચિત્ર સ્પષ્ટ થયુ છે. ૭૭ મંજુર જગ્યા સામે હાલની સ્થિતિએ ૫૦ ટકાની ઘટ છે. જયારે વર્ક આશિષ્ટન્ટની પણ મંજુર ૬૩ જેટલી જગ્યા સામે ૨૮ જ ફરજ પર છે. મેન પાવરના અભાવે તંત્ર પાંગળુ થઈ ગયુ છે.

ધનસુરાના દોલપુરના ક્ષત્રિય યુવાનના મોતનું રહસ્ય પોલીસની ફાઈલોમાં કેદ

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના બુટાલ નજીક આવેલ એક કારખાનામાં દોલપુર ગામના ક્ષત્રિય યુવાનનો મૃતદેહ શંકાસ્પદ હાલતમાં મળ્યો હતો. આ અંગે ધનસુરા પોલીસ દ્વારા તપાસ કરાઈ હતી. પરંતુ યુવાનના મોતનું રહસ્ય પો. સ્ટેશનની ફાઈલોમાં બંધ થઈ ગયું હોય તેવું ચર્ચાઈ રહ્યું છે. મૃતક યુવાનના પોસ્ટમોર્ટમ રીપોર્ટ અંગે પણ રહસ્ય અકબંધ રહ્યું હતું. આ અંગે ધનસુરા પંથકમાં ચર્ચાસ્પદ બનેલ ઘટનામાં કારખાનાનો માલીક પણ શબ્દ ઉચ્ચારવા તૈયાર નથી. અને કુટુંબીજનોને સામ, દામ, દંડ દ્વારા હસ્તગત કરી સમગ્ર દુર્ઘટના દબાવી દેવા પ્રયત્નો થયા છે, જેમાં ધનસુરા પોલીસતંત્રની નિષ્ક્રિયતાએ અનેક સવાલો સર્જ્યા છે. ભૂ-માફિયા અને બોગસ દસ્તાવેજ કોડથી કુખ્યાત એવા કારખાનેદાર દ્વારા આયોજનપૂર્વક સમગ્ર ઘટના દબાવી દેવાતાં સમગ્ર ક્ષત્રિય સમાજમાં રોષની લાગણી ફેલાઈ છે. આ અંગે ટુંક સમયમાં ક્ષત્રિય યુવક મંડળ દ્વારા ગાંધીનગર રેન્જ આઈ.જી.ને રૂબરૂ મળી નિષ્પક્ષ અને તટસ્ટ તપાસની માગણી કરવામાં આવશે.

રક્તદાન મહાદાન

જાહેર નિવિદા

નાયબ મ્યુનિસિપલ કમિશનર, સેક્ટર-૧૧, પહેલો માળ, બહુમાળી મકાન, ગાંધીનગર એ મગની ખરીદી ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામની વિગત	મગ
અંદાજીત રકમ (લાખમાં)	૩૦,૦૦૦ કિલો
ઈ.એમ.ડી.ની રકમ	૨૫,૦૦૦/-
ટેન્ડર ફીની રકમ	૧,૦૦૦/-
ટેન્ડર ડાઉનલોડ કરવાનો સમય અને તારીખ	૩/૭/૧૫થી ૧૫/૭/૧૫ના રોજ સાંજના ૬-૦૦ વાગ્યા સુધી
ડૉક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ	૧૬/૭/૧૫ સાંજના ૫-૦૦ વાગ્યાસુધી
ઓનલાઈન ટેન્ડર ખોલવા : સ્થળ, તારીખ અને સમય	તા ૧૭/૭/૨૦૧૫ના રોજ બપોરે ૧૨-૦૦ કલાકે નાયબ મ્યુનિસિપલ કમિશનર, સેક્ટર-૧૧, પહેલો માળ, બહુમાળી મકાન, ગાંધીનગર
પ્રિ-બીડ મીટીંગ	૮/૭/૨૦૧૫, ૧૨-૦૦ કલાકે
ટેકનીકલ બીડ ખોલવાની તારીખ	૧૭/૭/૨૦૧૫, ૧૨-૦૦ કલાકે
બીડ વેલીડીટી	૩૬૫ દિવસ
ડોક્યુમેન્ટની વિગત મેળવવાની વેબસાઈટ	www.nprocure.com

નાયબ મ્યુનિસિપલ કમિશનર, સેક્ટર-૧૧, પહેલો માળ, બહુમાળી મકાન, ગાંધીનગર
માહિતી/૮૨૨/૨૦૧૫-૧૬